# ટાઢું ટબૂકલું

વરસતા વરસાદમાં ભીંજાઇ જવાની મજા જેણે નથી માણી એણે જીવનનો એક અદ્‌ભૂત લ્હાવો નથી અનુભવ્યો. હું તો કહું છું હજી કંઈ વીતી નથી ગયું, વરસાદની મૌસમ ખીલી ઉઠી છે થોડાક તમે પણ ખીલી જાઓ...

પલળીને ઘેર આવીએ અને તરત એક કપ કડક, મીઠી,



આદુવાળી ચા મળી જાય.., આગળ કશુય કહેવાનું બાકી નથી રહેતું. ગરમ ચાનો કપ, હું અને મારો વરસાદ! કોઈ કવિ જીવને કવિતા રચવાનું મન થઈ જાય એવી સોનેરી પળો સાવ મફતમાં મળી જાય.

વરસાદમાં કેટલાક ઘરના બારી-બારણાં ફૂલી જાય તો કેટલાક ઘરોમાં પતિ-પત્ની બંનેના મોંઢા ફૂલી જાય! કારણ આપું બે ચાર? પતિદેવને આવી સિઝનમાં દર કલાકે ચા પીવાનું મન થાય અને સામે પત્ની કહે કે ચા પીવાની ઈચ્છા તો મનેય થાય છે જાઓ બનાવી લાવો ઠપકારીએ બંને એક એક કપ..! કેટલાકના ઘરમાં વણલખ્યો નિયમ હોય કે વરસાદ પડે એટલે ભજીયા બનાવવાના જ એ પણ મેથીના ગોટા. હવે ઘરની ગૃહલક્ષ્મી જઈને એના ભરથારને કહે કે, જરા મેથીની ભાજી સુધારી આપો તો હું ગોટા બનાવું, ત્યારે ગોટા તો ગોટાની જગ્યાએ રહે તોપના ગોળાની જેમ સામસામે વાકબાણ છૂટવા



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

લાગે. કેટલીક ભાગ્યવાન પત્ની પણ હોય છે આ ધરતી ઉપર, જેના જીવનરથનું અડધું પૈડું કોઈ જાતની મેથી માર્યા વગર મેથી સુધારી આપે. ભીના કપડે વરજી સોફામાં બેસી જાય તો પત્ની સો ટકા કોપાયમાન થાય. કીચડ લાગેલા પગ ધોયા વગર પતિદેવ ઘરમાં પ્રવેશ કરે અને એમના પગલાની છાપ છોડી જાય તો ઘરમાં ધમાચકડી મચી જાય. આવા તો કેટલાય નાના ઝઘડાનું કારણ વરસાદ લઈ આવે છે અને તમારા નિરસ જીવનમાં ચટાકેદાર અથાણાંની ગરજ સારે.

વરસાદની સિઝનમાં સૌથી વધારે મજા આવે કપડાં સુકવવાની! જરાક તડકો દેખાય કે કપડાં બહાર નાંખો અને જેવા તમે અંદર આવો તરત છાંટા ચાલું થાય. સવા લાખનો સવાલ કે ભીના કપડાં નાખવા ક્યાં? લોબીમાં વાછટ આવે અને બીજે ક્યાંય જગ્યા ના મળે ત્યારે ના છૂટકે પછી રૂમની અંદર જ જ્યાં જગ્યા દેખાય ત્યાં દોરી બાંધી, ચારે બાજુ તોરણ લટકાવ્યા હોય એમ કપડાં લટકાવવા પડે. એક બે દિવસ તો ચાલો ઠીક છે પણ ઝરમર ઝરમર ચાર પાંચ દાડેય બંધ થવાનું નામ ના લે ત્યારે ઘરમાં હવાયા કપડાની જે સુગંધ આવે. દુનિયાનું કોઈ અત્તર એની તુલના ના કરી શકે. હા, ઉનાળામાં આખો દિવસ પહેરી રાખેલા મોજાની ગંધ કદાચ અહિયાં ભારે પડી શકે. કેટલીક વાર એક ઘાટા રંગ વાળું કપડું બીજા હળવા રંગના કપડાં પર એ બંને થોડીવાર માટે એકબીજાને અડયા હતા એની નિશાની રૂપે ડાઘ છોડી જાય ત્યારે ડાઘ અચ્છે હે એવું બોલવાનું જરાય મન નથી થતું હોં.

કેટલાકનાં ઘરમાં છાતમાંથી પાણી ટપકતું હોય, દીવાલોનાં અદ્રશ્ય કાણાંમાંથી પાણીના રેલા ઉતરતા હોય, એસીમાંથી જાણે હરખના આંસુ પડતાં હોય એમ પાણી પડતું હોય ત્યારે પેલી વરસો જૂની વાર્તા યાદ આવે જેમાં એક ડોશીમા કહેતાં હોય છે કે, 'હું તો વાઘથીએ ના ડરું, સિંહથીએ ના ડરું, ડરું તો બસ આ ટાઢા ટબૂકલાથી. કેટલાકને ત્યાં વીજળીના કડાકા ને ભડાકા થાય એ સાથે જ લાઈટ જતી રહે તો ક્યાંક વૉલ્ટેજમાં ફેરફાર સાથે ઘરની બધી લાઈટો લબૂકઝબૂક કરવા લાગે.

વરસાદ એટલે ભીનાં રેઈનકોટ અને નીતરતી છત્રીઓની કથા, જ્યાં જુઓ ત્યાં એક નવી વાર્તા! કોઈને આ મૌસમમાં એનો પહેલો પ્રેમ યાદ ના આવી જાય તો જ નવાઈ કહેવાય. પહેલો પ્રેમ વાગોળવો જરૂર ગમે, વાગોળી લો પણ જીવવાનું તો એની હારે જ ગમે જ્યાં છેલ્લે પ્રેમ ટક્યો હોય અને જેની હાજરીથી તમારું જીવન ભર્યું ભર્યું લાગતું હોય.

**અમસ્તું,**

**છોડો બધી તકરાર અને હાથમાં હાથ લઈ નીકળી પડો બહાર... થોડુક વરસાદમાં અને થોડુક લાગણીમાં ભીંજાવાં!**

# ઈન્ડિયા ન્યૂઝ તરફથી ઈન્ફોકિડ્સ પ્રિસ્કૂલને મળેલો એન્ટ્રેપ્રેનર એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ગત માર્ચ મહીનામાં પૂ.ગુરુમાના આશીર્વાદ અને ગાંધીનગરના મેયર શ્રીમતિ રીટાબેન પટેલ તથા ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રીશ્રી જહાસાહેબની શુભેચ્છા સાથે શરૂ કરેલ ઈન્ફોકિડ્સ પ્રિસ્કૂલને ખૂબ જ ટૂંકા ગાળામાં અને વર્તમાન કોવિડ-૧૯ની મહામારી વચ્ચે પણ ઈન્ફોકિડ્સના બાળકોમાં રહેલી આંતરિક શક્તિને નિખારવાનો જે સફળ પ્રયત્ન કર્યો હતો. જેની નોંધ ઈન્ડિયા ન્યૂઝ દ્વારા પણ લેવામાં આવી છે અને ઈન્ડિયાની ઝડપી વિકાસ પામી રહેલી પ્રિસ્કૂલ "એન્ટ્રેપ્રેનર એવોર્ડ" આપવામાં આવ્યો છે.

છેલ્લા ૨૫ વર્ષથી ટીવી, ફિલ્મ કલાકાર તથા નિર્માતા સ્વરૂપે કાર્યરત ગુજરાતી થિયેટર અને ટેલીવિઝન એક્ટ્રેસ મોરલી પટેલ તથા ગુજરાતી તથા હિન્દી ફિલ્મ કલાકાર હેમાંગ દવે ઉપરાંત ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ના મોડેલ સિદ્ધાર્થ ઝીંઝુવાડિયાના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં કરાયો હતો.

ઈન્ફોકિડ્સના ફાઉન્ડર ડૉ.પ્રદીપ ગગલાણી તથા ડાયરેક્ટર હીના ગગલાણી, ડૉ. રાજ ગગલાણી તથા સી.ઈ.ઓ. ઝંકૃતી ગગલાણીને ઈન્ડિયા ન્યૂઝ દ્વારા હોટેલ પ્રાઈડ પ્લાઝા ખાતે આમંત્રિત કરી વર્ચ્યુઅલ એન્ટ્રેપ્રેનેઉર એવોર્ડ - ટ્રોફી તથા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવેલ.



ઈન્ફોકિડ્સ દ્વારા ખૂબ જ ટૂંકા સમયમાં બાળકોને ફન સાથે લર્નિંગ પ્રોસેસ દ્વારા વિવિધ તહેવારોનું મહત્વ અને ઉજવણી ઘરે બેઠા કરાવવી, વાલીઓને વિશેષ ટ્રેનિંગ સાથે ઉત્સાહ પૂર્વક લર્નિંગ પ્રોસેસમાં જોડવા, તેમજ વર્તમાન નવી શિક્ષણનિતિમાં પ્રિસ્કૂલને વિશેષ દરજ્જો આપવામાં આવેલ હોય ત્યારે ઈન્ફોકિડ્સ પ્રિસ્કૂલ તેના વિશેષ અભ્યાસક્રમ સાથે અનેક શાખાઓ દ્વારા સમગ્ર ભારતમાં સાચા અર્થમાં શિક્ષણનો વિકાસ કરે તે માટે મહાનુભાવોએ શુભેચ્છા પાઠવી હતી. તેમજ ડૉ. ગગલાણીએ ઈન્ડિયા ન્યૂઝનો આ સંદર્ભે આભાર વ્યક્ત કર્યો હતો.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૪મી જન્મજયંતીએ એમના ઐતિહાસિક જન્મસ્થળ ખાતે 'ભાવાંજલિ' અર્પણ થશે

ગાંધીનગર, તા. ૨૬

મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'ના ગૌરવપૂર્ણ બિરુદથી નવાજેલા તેવા સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યકાર, સ્વાતંત્ર્ય-સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીની ૧૨૪મી જન્મજયંતી -- ૨૮ ઑગસ્ટ ૨૦૨૦



ને શુક્રવારે – ચોટીલા સ્થિત એમના ઐતિહાસિક જન્મસ્થળ ખાતે 'ભાવાંજલિ' અર્પણ થશે.

જન્મભૂમિ ચોટીલા ઉપરાંત ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલા વિવિધ સ્મૃતિ-સ્થળો : બોટાદ (કર્મ-નિર્વાણભૂમિ), રાણપુર (કર્મભૂમિ), ધંધુકા (શૌર્યભૂમિ, ૨૮ એપ્રિલ ૧૯૩૦ના રોજ ભરી અદાલતમાં, ધીરગંભીર અવાજે, એમનું સ્વરચિત ગીત 'છેલ્લી પ્રાર્થના' ગાયું ને વિશાળ જનમેદની અને મૅજિસ્ટ્રેટ ઈસાણીની આંખ આંસુભીની થઈ ગઈ), રાજકોટ (બાલ્યાવસ્થાની લીલાભૂમિ, શાળા-શિક્ષણનો પ્રારંભ), અમરેલી (હાઈસ્કૂલ), ભાવનગર અને જૂનાગઢ (કૉલેજમાં અભ્યાસ), બગસરા (વડવાઓનું વતન) ખાતે પણ શ્રધ્ધાસુમન અર્પણ કરાશે.

૧૨૪મી મેઘાણી-જયંતી નિમિત્તે વંચિત સમાજ, નિરાધાર વિધવા બહેનો, વિચરતી જાતિ સમુદાય, દિવ્યાંગ – વિકલાંગનાં જરૂરિયાતમંદ પરિવારોને અનાજ અને અન્ય જીવન-ઉપયોગી સામગ્રીની કીટ વિતરણનાં સેવાયજ્ઞનો આરંભ ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી (મો. ૯૮૨૫૦૨૧૨૭૯) અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા કરાયો છે જે ખાસ ઉલ્લેખનીય છે. જરૂરીયાતમંદ પરિવારોને એક કીટમાં રૂ. ૨૫૦૦ની ઉચ્ચ ગુણવત્તાની ૪૦ કીલો જેટલી સામગ્રી : ઘઉ, ચોખા, તુવેરની દાળ, મગ, ચણા, મગની ફોતરાવાળી દાળ, શીંગ તેલ, ચા, ખાંડ, બેસન, મીઠું-મરચું-હળદર-ધાણાજીરૂ, સાબુ, વોશિંગ પાવડર વગેરે ભેટ આપવામાં આવે છે. ફરજ પર કોરોનાને લીધે શહીદ થયેલા વાલ્મીકિ સમાજનાં લ્રકોરોના વોરિયર' સફાઈ કામદાર ભાઈઓ-બહેનોનાં જરૂરીયાતમંદ પરિવારોને વિશેષરૂપે સહાય આપવામાં આવે છે.

પોતાને 'પહાડનું બાળક' તરીકે ઓળખાવતા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ૨૮ ઑગસ્ટ ૧૮૯૬ (શ્રાવણ વદ પાંચમ : નાગ પંચમી, વિક્રમ સંવત ૧૯૫૨)ના દિવસે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના એ વેળાના ગામને છેવાડે આવેલા અને અઘોરવાસ લેખાતા પોલીસ-બેડાના ક્વાર્ટરમાં થયેલો. બ્રિટિશ કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર તરીકે ફરજ બજાવતા પિતા કાળીદાસ દેવચંદ મેઘાણી નીડર અને નેક પુરુષ હતા. પુત્રમાં ઉચ્ચ સંસ્કાર સિંચનાર હતા ધર્મપરાયણ માતા ધોળીમા. પોલીસ-પરિવાર અને પોલીસ-બેડા સાથે ઝવેરચંદ મેઘાણીનાં બાળપણનાં અનેક સંસ્મરણો તથા સ્મૃતિઓ જોડાયેલ છે. ઝવેરચંદ મેઘાણી લાગણીસભર નોંધે છે : 'આ પોલીસ-બેડાની દુનિયા અનોખી છે. તમે એમાં ભ્રમણ કરી શકશો નહિ. એ માટે તો તમારે એ દુનિયામાં જ જન્મ ધરવો જોઈએ.' દશા શ્રીમાળી જૈન વણિક એવા મેઘાણી-પરિવારના વડવાઓનું મૂળ વતન અમરેલી જિલ્લામાં સાતલ્લી નદીને કાંઠે વસેલું ભાયાણીનું બગસરા.



શ્રાવણ-ભાદરવો માસ ધાર્મિક તહેવારોની વણઝાર લઈને આવે છે અને વિવિધ વર્ગના સમુદાયોના અનેક તહેવારો આ સમયગાળમાં જોવા મળે છે. સેકટર-૭માં રામાપીરના મંદિરે સાતમ નિમિત્તે નેજા ચઢાવવાનો ઉપક્રમ યોજાયો હતો. જેમાં ભાવિક ભકતોએ મોટી સંખ્યામાં આ ધાર્મિક વિધિનો લાભ લીધો હતો.



શહેરના બાળકો માટે સતત કાર્યરત સંસ્થા સંસ્કાર ગ્રુપે ૧૭મા વર્ષમાં પ્રવેશ કર્યો અને આ નિમિત્તે ગ્રુપના વાલીઓ તથા બાળકો સાથે રહી ઝુંપડપટ્ટી વિસ્તારના બાળકો તથા શ્રમિકોને માસ્ક, ઘરે બનાવેલ નાસ્તો, બિસ્કિટ તથા કપડાનું વિતરણ કરવામા આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ તુષારભાઈ દવે સાથે જીયામની મકવાણા, સોનલબેન, આર્યન વાઢેર, નયનભાઈ, શૈલેષભાઈ વ્યાસનો સંપૂર્ણપણે ફાળો રહ્યો હતો.

# આજે મહાન ગાયક મુકેશને ઓનલાઈન શ્રદ્ધાંજલિ કાર્યક્રમ


ગાંધીનગર, તા. ૨૬

મહાન ગાયક મુકેશજીની ૪૪મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ રુપે વિશેષ 'એફબી લાઈવ શૉ' ભરત ગજ્જન એફબી લાઈવ પેઈજ પર આજે સાંજે ૭.૦૦ વાગે આયોજેલ છે. આ સંગીત સંધ્યામાં પુષ્પાંજલિ રુપે મુકેશજીના તદ્દન ન ગવાયેલા ૨૨ ગીતો તથા ઓછા સાંભળવા મળતા ગીતો 'વૉઈસ ઓફ મુકેશ' ભરત ગજ્જર અને તેમના




ડ્યુએટ પાટનર જયોતિ ગજ્જરના કંઠે સાંભળવા મળશે. આ કાર્યક્રમ ખાસ મીડિયા પ્રેસકર્મી સ્વ. દોલતસિંહ સિંધા તેમજ દિવંગત કોરોના વોરિયર્સને અર્પણ રહેશે. આ કાર્યક્રમ સ્મિત મ્યુઝિક દ્વારા આયોજેલ છે.

# પુરાણો, ધર્મો, રાષ્ટ્ર અને સંસ્કૃતિને અલગ દૃષ્ટિથી દર્શાવાતી કથા






## પુસ્તક પરિચય

નટવર હેડાઉ
vanvihari@gmail.com

પૌરાણિક અને ઐતિહાસિક કથાનકો ઉપરથી ફિલ્મો અને ટીવી સિરિયલો લોકપ્રિય બની રહી છે. તે સાથે નવલકથાઓમાં પણ લોકોને રસ પડવા લાગતા એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. ગાંધીનગરના વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટની 'કૈકૈયી' નવલકથાનું નાટ્ય રુપાંતર અને બીજી ભાષાઓમાં અનુવાદ થાય તે નાની સુની વાત નથી. કુમારપાળ દેસાઈની તાજેતરમાં આવેલ નવલકથા 'અનાહૂતા' પણ લોકભોગ્ય બની રહી છે. ત્યારે કલ્પેશ પટેલ દ્વારા 'યુધિષ્ઠિર' નામે નવલકથા આવી રહી છે.

પરંતુ મહાભારત અને રામાયણ પૂર્વે દેવો અને દાનવોના દારૂણ સંગ્રામની પૌરાણિક કથા પર ખાસ કલમ અજમાવતા લેખકની નવલકથાની વાત કરવી છે.

'પરાજિત' લેખક - પિનાકિન દવેની આવી એક નવલકથા છે. જે ૨૧ પ્રકરણોમાં આલેખવામાં ઓઆવી છે. આ પ્રાચીન સમયની કથા છે. મહાભારતના યુદ્ધ પહેલાનો તારકામય સંગ્રામમાં કશ્યપના વંશજો લડે છે. કશ્યપને ત્રણ પત્નીઓ હતી. અદિતી, દિતિ અને દનુ આમાં આદિતીના પુત્રો 'આદિત્યો' તરીકે ઓળખાય છે. જે પછીથી પુરાણોમાં દેવ ગણાવા લાગ્યા હતા. દિતિના પુત્રો 'દૈત્યો' તરીકે ઓળખાયા છે અને દનુના પુત્રો 'દાનવો' તરીકે ઓળખાય છે. આ ત્રણે બહેનો છે અને કશ્યપની પત્નીઓ છે. તેથી આદિત્યો, દૈત્યો અને દાનવો ભાઈઓ થાય છે.

આ નવલકથાની પાત્રસૃષ્ટિ ઘણા બધા પ્રતાપી પાત્રો ધરાવે છે. તેથી તેમની ભાષામાં દર્શન અને ચિંતનનું ગૌરવ પ્રયોજાયું છે. આ કથામાં સર્વે પાત્રોને લેખકે માનવ સ્તરે જ રાખ્યાં છે. મોટાભાગે પુરાણોમાં આવતાં કથાંશોને એક સૂત્રે બાંધી કથા નીપજાવી છે.

આ નવલકથામાં જાણી જોઈને વર્ણનો ટાળ્યાં છે. ખાસ કરીને યુદ્ધનાં વર્ણનો. આવા વર્ણનો કલ્પના વિહાર અને અતિરંજિત બની જતાં હોવાનો લેખકનો મત છે.

પૌરાણિક નવલકથા - વાર્તાની ભાષા બાબતે પણ લેખક ખુબ સ્પષ્ટ છે. છતાં થોડાં શબ્દો વાતાવરણ ઊભું કરવા માટે પ્રયોજ્યા હોય તેવું લાગે છે.

આ નવલકથાનો નાયક ચંદ્ર અન્ય દ્વીપો પર, પ્રદેશો પર શાસન કરે છે. આ સર્વ સ્થાનોના નામ લેખકે ભારતીય ભાષામાં આપ્યાં છે. તે પ્રમાણે ગ્રીસ દેશનું નામ ગિરિશ દેશ, પેલેસ્ટાઈનનું પાલિસ્તાન ઈત્યાદિ સંભવ છે. ચંદ્રની દ્વીપાન્તર યાત્રાથી ભારતીયોનો વિશ્વભરમાં સંપર્ક સધાયો હોય અને તે કારણે આપણી સહુની ભાષાનું મૂળ એક હોય એમ બને તેથી જ કદાચ હિન્દુસ્તાન શબ્દ સિન્ધુસ્તાન પરથી આવ્યો હોવાનું મનાય છે તે શક્ય છે.

આ નવલકથાની પાત્ર સૃષ્ટિમાં આકાશી પદાર્થો સોમ (ચંદ્ર), સૂર્ય (આદિત્ય), બૃહસ્પતિ (ગુરુ), શુક્ર, બુધ, તારા અને રોહિણી બધા સમાવિષ્ટ છે. તેમાં એવું શક્ય છે કે આ કોઈ ખગોળીય ઘટનાનો નિર્દેશ હોય.

નવલકથાની આધાર સામગ્રી પુરાણોમાંથી આવતી હોઈ યા પુરાણો પર અવલંબતી હોય ત્યારે એક વાક્યતાનો અભાવ પ્રશ્નો ઊભા કરે. તે સાથે લેખક કયાંક પોતાની વિચારધારાને પ્રસ્તુત કરવાનો પ્રયાસ પણ કરતા લાગે છે. તે દરેક વાચકને સ્વીકાર્ય ન પણ હોય. આખરે તો આ એક નવલકથા જ છે જેથી વાચકો તેને સ્વીકારે છે શક્ય છે.

'પરાજિત' ના લેખક પિનાકીન દવેની અન્ય કૃતિઓમાં ૨૫ નવલકથાઓ, ૩ વાર્તાસંગ્રહો ઉપરાંત ઈતર લેખન પણ કરેલુ છે. તેમની કૃતિઓના હિન્દી અને તામિલમાં અનુવાદ થયેલા છે. આપણે પણ લેખકની નવલકથાને આવકારીએ અને અભિનંદન પાઠવીએ.

**'પરાજિત' મહાભારત પૂર્વે દેવો અને દાનવોના દારૂણ સંગ્રામની પૌરાણિક કથા.**
**લેખક : પિનાકીન દવે**
**પ્રકાશક : આર આર શેઠ એન્ડ કંપની પ્રા. લિ.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯ / કિંમત : રૂા. ૨૨૫/-**

# જન્મદિને વધામણી



ગણપતભાઈ કે જોષી
બ્યુરો ચીફ, બનાસકાંઠા
ગાંધીનગર સમાચાર
મો. ૯૩૭૫૦ ૭૬૦૬૧



ભગદિવ ભટ્ટ
મો. ૯૪૨૯૮ ૯૧૬૨૯



રક્ષિતાબેન ઉપાધ્યાય
લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો.૯૯૨૪૨ ૭૪૯૯૮



ભરતભાઈ
દલાભાઈ પરમાર
મો. ૭૦૪૧૫ ૩૧૮૨૭



પર્લ જિગર ત્રિવેદી



કિરપાલસિંહ જગતસિંહ
વાઘેલા



મીત પટેલ
મો. ૬૩૫૮૮ ૨૯૦૯૯



મન મકવાણા
મો. ૯૯૭૮૮ ૯૫૩૪૪



પટેલ ઋષિ વિક્રમભાઈ
મો. ૭૭૭૮૮ ૫૩૦૬૫